## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઇ ની મહેદવીયા સાર્વજનિક હાઈસ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઇ



**ડભોઇ** : ગુજરાત સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી દ્વારા શિક્ષણ માં 100% નામાંકન અને કન્યા કેળવણી ના ધ્યેય ને સિધ્ધ કરવામાં માટેનો પરિણામ લક્ષી કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત ચાલુ વર્ષે 23, 24, 25 જૂન ના રોજ સમગ્ર ગુજરાત માં કાર્યક્રમ યોજાશે.મહેદવીયા તાલીમી સોસાયટી સંચાલિત મહેદવીયા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ધોરણ 9 અને ધોરણ 11 ના 400 થી વધુ વિદ્યાર્થીઓ ને પ્રવેશ આપવાનો કાર્યક્રમ યોજાયો, જેમાં લેબર કમિશનર ની કચેરી વડોદરા ખાતે થી દિપક ચૌહાણ મદદનીશ કમિશનર મુખ્ય મહેમાન અને સી.આર.સી.કલસ્ટર ડભોઇ ના ગુલામભાઈ રાજ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે શાળા સંચાલક મંડળના પ્રમુખ ઈબ્રાહીમભાઈ મહુડાવાલા, શબ્બીરભાઈ દુર્વેશ અને નગર પાલિકા ઉપપ્રમુખ નુરમોહંમદ મહુડાવાલા વગેરે ખાસ ઉપસ્થિત રહી નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ રાજ્યસભાના સાંસદ મુકેશભાઈ રાઠવાએ કરાવ્યો



**ક્વાંટ** : છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના રાયસિંગપુરા, ડુંગરગામ તથા ભૂમસવાડા ગામ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક બાળકને શિક્ષણ સાથે જોડવાનો તથા કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે કાર્યક્રમમાં ગુજરાત રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ મુકેશભાઈ રાઠવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદના હસ્તે વિવિધ શાળાઓમાં પ્રવેશ લેનાર નવનિહાળ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. બાળકોને કુમકુમ તિલક કરી, પુષ્પગુચ્છ આપી અને અભ્યાસ સામગ્રી અર્પણ કરી શાળામાં આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ રાઠવા પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં જણાવ્યું હતું.

### શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ બોડેલી ખાતે શાળા પ્રવેશોત્સવ મહોત્સવ 2026 ઉજવાયો



**બોડેલી** : બોડેલી ખાતે તારીખ 23/ 6/ 2026 શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો હતો જેમાં અંડર સેક્રેટરી સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના સંદીપસિંહ એન ગોહિલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા સાથે શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ એસ પટેલ સાહેબ ખત્રી વિદ્યાલયના ફારૂક ટપલા સાહેબ નટવરસિંહ ચૌહાણ સાહેબ યોગેશભાઈ શાહ શાળાના એસપીસી ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી જેના શબ્દો હતા મનુષ્ય તુ બડા મહાન હૈ ત્યારબાદ શાળાના આચાર્યશ્રીએ શાબ્દિક પ્રવચન કરી આમંત્રિત મહેમાન શ્રી સંદીપ સિંહ એન ગોહિલ સાહેબનો પરિચય આપ્યો હતો ઉપસ્થિત મહેમાન શ્રીઓનો પરિચય આપી શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું શાળાની સિદ્ધિઓનો ચિતાર રજૂ કર્યો હતો અને સૌને અભિવાદન કર્યા હતા.

### પાદરાના આચાર્ય જીગ્નેશભાઈ પંડ્યાને "બેસ્ટ ઈન્ડિયન એચીવમેન્ટ એવોર્ડ"થી સન્માન



**પાદરા** : અમદાવાદ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ એસ્ટ્રો ફાઉન્ડેશન તથા શ્રી મહર્ષિ વેદવ્યાસ એકેડમીની 25મી સિલ્વર જ્યુબિલી નિમિત્તે આયોજિત પદવીદાન સમારોહમાં પાદરા તાલુકાના સાદરા ગામના કેન્દ્ર અધ્યક્ષ આચાર્ય શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ પંડ્યા (બાપજી)ને વિશિષ્ટ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર અને પુરોહિત્ય ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન અને અધ્યાપન કાર્યને માન આપી તેમને "બેસ્ટ જ્યોતિષી-અધ્યાપક", "બેસ્ટ વાસ્તુશાસ્ત્રી-અધ્યાપક" તથા "બેસ્ટ પુરોહિત્ય (કર્મકાંડી)-અધ્યાપક" તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ઉપરાંત તેમને સિલ્વર મેડલ, ટ્રોફી તથા "બેસ્ટ ઈન્ડિયન એચીવમેન્ટ એવોર્ડ" અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિથી સાદરા ગામ તેમજ પાદરા તાલુકામાં આનંદની લાગણી ફેલાઈ છે. વિવિધ સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક આગેવાનો દ્વારા આચાર્ય જીગ્નેશભાઈ પંડ્યા (બાપજી)ને શુભેચ્છાઓ પાઠવી તેમની કામગીરીને બિરદાવી હતી.

### કરજણ શાહ એન.બી સાર્વજનિક હાઈસ્કૂલમાં પ્રવેશ મહોત્સવ ઉજવાયો



**વડોદરા** : આજરોજ રાજ્ય ભરની સ્કૂલોમાં રાજ્ય સરકાર તરફથી શાળા પ્રવેશોત્સવ ની શરૂવાત કરવામાં આવી છે 23 થી 25 તારીખ સુધી રાજ્યની પ્રાથમિક શાળા થી લઈ હાઈસ્કૂલ માં શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આજરોજ કરજણ નગરમાં આવેલ સાહ. એન.બી. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે 24માં પ્રવેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી કરજણ નગરપાલિકાના પ્રમુખ ઇલબા અટાલિયાની અધક્ષામાં પ્રવેશોત્સવ યોજવમાં આવ્યો હતો જેમાં આંગણવાડી.ધોરણ 1.ધોરણ 8.9 ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો આવેલા મહાનુભવો ના હસ્તે બાળકોને શિક્ષણ કીટ આપી વિદ્યાર્થીઓને આવકાર્ય હતાં આજરોજ બાલવાટીકા.ધોરણ.1 અને 9.11 ના થઇ 495 જેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો આ પ્રસંગે કરજણ શહેર ભાજપા પ્રમુખ વિમલભટ્ટ નગરપાલિકા ઉપ પ્રમુખ જયેશભાઇ પટેલ નગરપાલિકા સભ્ય જ્યોતિબેન પટેલ.ગોકુલ ભરવાડ સ્કૂલના ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો અને વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં છેલ્લે બાળકોમાં ટ્રાફિક નિયમનોની અવેરનેસ આવેના હેતુ સાથે સમૂહ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી કાર્યક્રમ બાદ સ્કૂલ સંકુલમાં મહાનુભાવો દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

---

વારંવાર રજૂઆત છતાં કાયમી ઉકેલ નહીં, તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

## છેલ્લા આઠ દિવસથી જબુગામ-સુષ્કાલ વિસ્તારમાં વીજ પુરવઠાના ધાંધિયા, લોકોમાં ભારે રોષ

**અધિકારીઓ** દ્વારા ફોન રિસીવ કરી યોગ્ય નિકાલ કરવા લોક માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

બોડેલી તાલુકાના જબુગામ, સુષ્કાલ, સિહોદ સહિત આસપાસના અનેક ગામોમાં છેલ્લા આઠ દિવસથી વીજ પુરવઠો અનિયમિત રહેતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ રોજિંદા ચારથી પાંચ કલાક સુધી વીજળી ગુલ રહે છે, જ્યારે કેટલાક દિવસોમાં



તેનાથી પણ વધુ સમય સુધી વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. ધોમધખતી ગરમી વચ્ચે વારંવાર વીજળી જતી રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વીજળીના અભાવે પંખા, એસી અને અન્ય વિદ્યુત ઉપકરણો બંધ થઈ જતા વિદ્યાર્થીઓ, વૃદ્ધો, મહિલાઓ તેમજ સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

રાત્રિના સમયે પણ વીજ પુરવઠો ખોરવાતા લોકોની ઊંઘ હરામ થઈ ગઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી. બીજી તરફ સમગ્ર મામલે પાવીજેતપુર એમજીવીએસીએલ કચેરીના અધિકારીઓ તરફથી કોઈ સ્પષ્ટ જવાબ મળતો નથી.

સ્થાનિકોના આક્ષેપ છે કે અધિકારીઓ ફોન કોલ્સ પણ રિસીવ કરતા નથી, જેના કારણે લોકોમાં અસંતોષ વધુ વધ્યો છે. સ્થાનિકોએ માંગ કરી છે કે જબુગામ સહિતના અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠાની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે અને જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય માહિતી આપી લોકોને રાહત પહોંચાડવામાં આવે. જો સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો ગ્રામજનો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## જબુગામમાં દીપડાના બચ્ચા દેખાતા વન વિભાગે પાંજરું મૂક્યું

**વન** વિભાગની ટીમે સ્થળનું નિરીક્ષણ કરી પાંજરું ગોઠવ્યું

(પ્રતિનિધિ) બોડેલી, તા.23

બોડેલી તાલુકાના જબુગામ ખાતે દીપડાના બચ્ચા દેખાવાની ઘટનાને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગત રોજ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમાં ત્રણ જેટલા દીપડાના બચ્ચા જોવા મળ્યા હતા. આ વીડિયો સામે આવતા સમગ્ર જબુગામ પંથકમાં ચિંતાનું વાતાવરણ ફેલાયું હતું.

ઘટનાની જાણ સ્થાનિક ગ્રામજનો દ્વારા વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. દીપડાના સંભવિત



અવરજવરને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું છે. પરંતુ આજે સવારના સમયમાં પણ બરજોર પુરા નજીક ત્રણ દિવસ જોવા મળ્યા હતા જેથી કરીને હાલ ચર્ચા નો વિષય છે નર્સરી વિભાગની બિલકુલ પાસે મરેલા ઢોરને નાખવામાં આવે છે જે બંધ કરવામાં આવે એવી પણ લોક માંગ ઉઠી રહી છે લોકો દ્વારા જણાવવામાં આવે છે કે ત્યાં પડેલા માસ ને ખાવા અર્થે વારંવાર અહીંયા હિંસક પ્રાણીઓ આવતા હોય છે.

## શિનોરમાં મહોરમ પર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) શિનોર, તા.23

વડોદરા ના શિનોર ખાતેઆગામી મહોરમ તહેવારને અનુલક્ષીને શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર શિનોર પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં હિન્દુ તથા મુસ્લિમ સમાજના આશરે 35 જેટલા આગેવાનો હાજર રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત આગેવાનો સાથે તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરસ્પર સહયોગ અને ભાઈચારાની ભાવના સાથે મહોરમની ઉજવણી કરવામાં આવે તે અંગે ચર્ચા કરી હતી.

આગેવાનોને અફવાઓથી દૂર રહેવા, સોશિયલ મીડિયામાં ભ્રામક માહિતી પ્રસારિત ન કરવા તથા કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. બેઠકમાં હાજર આગેવાનોએ પણ શાંતિપૂર્ણ રીતે તહેવારની ઉજવણી કરવા અને પોલીસને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

## પાદરા પોલીસનો જુગારના અડ્ડા પર દરોડો : ચાર જુગારીઓ ઝડપાયા

**રૂ. 11,230નો** મુદ્દામાલ કબજે, પત્તા-પાનાં સહિતનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી.વી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પાદરા પોલીસને જુગારના ગુનામાં મહત્વની સફળતા મળી છે. પાદરા ટાઉન વિસ્તારમાં રીફાઈ સોસાયટી પાસે આવેલી ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી ગતરોજ ટાઉન બીટ સ્ટાફ દ્વારા બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન આરોપીઓ પત્તા-પાનાં વડે રૂપિયા લગાવી હારજીતનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી પત્તા-પાનાં, હાથરૂમાલ તેમજ જમીન દાવ અને અંગઝડતીમાંથી મળીને કુલ રૂ. 11,230નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પાદરા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ-12 મુજબ ગુનો દાખલ કરી શબ્બીરખા દિવાન, રાજેશભાઈ રાજપુત, પરેશભાઈ વાઘરી અને ઈરફાનખાન પઠાણ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાદરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી.વી. ગોહિલના અસરકારક નેતૃત્વ અને સતત દેખરેખ હેઠળ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## ડભોઈ ભાજપે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને અંજલિ અર્પી



(પ્રતિનિધિ) બોડેલી, તા.23

ડભોઈ શહેર ભાજપ સંગઠન અને યુવા મોરચા દ્વારા ડોક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી ની 73 મી પુણ્યતિથિ ની જન સેવા કેન્દ્ર ધારાસભ્ય ના કાર્યાલય ખાતે શ્રધ્ધા સુમન અર્પણ કરી ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના તત્કાલીન સરસંચાલક ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી ની 73 મી પુણ્યતિથિ નિમિત્તે ડભોઈ શહેર સંગઠનના પ્રમુખ દીક્ષિત દવે ની આગેવાની હેઠળ ધારાસભ્ય કાર્યાલય ખાતે શ્રી શ્યામા પ્રસાદ મુખરજીને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ તબક્કે તેઓના કેટલીક એવી ઘટનાઓ પ્રેરણાદાયક બનાવો, તેમના જીવન ચરિત્ર વિશેની વાતો વાગોળી ઉપસ્થિત કાર્યકર્તાઓ ને વિચારવંત કરી દેવામાં આવ્યા હતા. આ તબક્કે શહેર ભાજપ મહામંત્રી હિરેનભાઈ શાહ, કોર્પોરેટર કપિલભાઈ પટેલ, મહિલા મોરચાના હોદ્દેદારો, યુવા મોરચાના જય પટેલ અને તેના સાથીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શિનોરમાં હિન્દુ-મુસ્લિમ એકતાનું અનોખું ઉદાહરણ

**ભટ્ટશેરી** વિસ્તારમાં પ્રસંગે હિન્દુ-મુસ્લિમ ભાઈચારાના સુંદર દર્શન

(પ્રતિનિધિ) શિનોર, તા.23

શિનોરની ભટ્ટશેરી વિસ્તારમાં નવા મકાનમાં ગૃહપ્રવેશ કરનાર મુસ્લિમ સમાજના સાબીરભાઈ નુરંખા ખોખરે જેઓ પોતે સરકારી કર્મચારી છે પોતાના પૈત્રિક ગામમાં વતનમાં ધર્મના રીત-રિવાજ મુજબ ધાર્મિક વિધિઓ સંપન્ન કરી હતી. સાથે જ પોતાના નવા મકાનની બાજુમાં આવેલા રૂદ્રેશ્વર મહાદેવ મંદિરે હિન્દુ પરંપરા અનુસાર પૂજા-અર્ચના કરાવી, હિન્દુ પરંપરા મુજબ પ્રસાદીનું પણ આયોજન કરી, બંને ધર્મો પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે હિન્દુ-મુસ્લિમ ભાઈચારાના સુંદર દર્શન થયા



હતા અને કોમી એકતાનો સકારાત્મક સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો. શાબીરભાઈની આ પહેલે એ સાબિત કર્યું છે કે સાચી માનવતા, પરસ્પર સન્માન અને પ્રેમ જ સમાજને એકતાના અતૂટ બંધનમાં બાંધી રાખે છે.

આવા પ્રસંગો સમાજમાં સૌહાર્દ, એકતા અને અખંડિતતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે અને નવી પેઢી માટે પણ શિનોર ના હિન્દુ મુસ્લિમ સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે.

૯૧ બ્લોકમાં ૯૧ ગણતરીકારો દ્વારા હાથ ધરાઈ રહી છે કામગીરી

## પાદરામાં ભારત વસ્તી ગણતરી-૨૦૨૭ની કામગીરીનું નોડલ અધિકારી દ્વારા નિરીક્ષણ

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા નગરપાલિકા હદ વિસ્તારમાં ચાલી રહેલી ભારત વસ્તી ગણતરી-2027ની પ્રથમ તબક્કાની કામગીરીની સમીક્ષા કરવા માટે નોડલ અધિકારી દ્વારા વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પ્રથમ તબક્કામાં મકાન ગણતરી અને ઘર યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પાદરા નગરપાલિકા વિસ્તારમાં કુલ 91 બ્લોકમાં 91 ગણતરીકારો દ્વારા કામગીરી પ્રગતિમાં છે. નગરપાલિકાના મુખ્ય અધિકારી સંજય પટેલના માર્ગદર્શન હેઠળ



સહાયક અધિકારી ધર્મેશ ભટ્ટ સહાયક અધિકારી, વસ્તી ગણતરી - પાદરા દ્વારા સમગ્ર કામગીરીનું સંકલન કરવામાં આવી રહ્યું છે. કાર્યવાહીની સમીક્ષા માટે નોડલ અધિકારી અપૂર્વ જાદવે શહેરના વિવિધ વિસ્તારો અને રહેણાંક વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે વસ્તી ગણતરી માટે નિયુક્ત ગણતરીકારો અને સુપરવાઈઝરો દ્વારા કરવામાં આવતી કામગીરીનું સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું.

તપાસ દરમિયાન વસ્તી ગણતરી અંતર્ગત પૂછવામાં આવતા 34 જેટલા પ્રશ્નોની માહિતી યોગ્ય રીતે મેળવવામાં આવી રહી છે કે કેમ, તેની ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત ગણતરીકારો દ્વારા ઘરોની મુલાકાત લઈ નિયમો મુજબ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે કે નહીં તેની પણ ખાતરી કરવામાં આવી હતી.

નોડલ અધિકારીએ પાદરા શહેરની વિવિધ સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં નાગરિકો સાથે સીધી મુલાકાત કરી વસ્તી ગણતરીની કામગીરી અંગે માહિતી મેળવી હતી.

## ૩૦ જૂનથી ખુલશે ક્રતિકાલ ટેકનો ૩૯.૬૮ કરોડનો SME IPO

**વડોદરા** : એઆઈ સંચાલિત સોફ્ટવેર-એઝ-એ-સર્વિસ (SaaS) આધારિત સાયબર સિક્યોરિટી કંપની ક્રતિકાલ ટેક લિમિટેડનો 39.69 કરોડનો એસએમઈ આઈપીઓ 30 જૂન, 2026થી ખુલશે. કંપની 29.40 લાખ ઈક્વિટી શેર દ્વારા ભંડોળ એકત્ર કરશે. પ્રતિ શેર 128થી 135ની પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવી છે, જ્યારે લોટ સાઈઝ 1,000 શેરની રહેશે. એન્કર રોકાણકારો માટેનો હિસ્સો 29 જૂને ખુલશે અને જાહેર ઈશ્યુ 2 જુલાઈએ બંધ થશે. આઈપીઓમાંથી પ્રાપ્ત થનારી રકમનો ઉપયોગ કંપની તેની યુએઈ અને અમેરિકાની પેટાકંપનીઓમાં સેલ્સ અને માર્કેટિંગ પ્રવૃત્તિઓ, વર્કફોર્સ વિકાસ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે.

તેજસ્વી વિદ્યાર્થીઓ, દાતાશ્રીઓ અને એસએમસી સભ્યોનું સન્માન

## જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરના અધ્યક્ષસ્થાને આસોજ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ

**આસોજમાં** શાળા પ્રવેશોત્સવની રંગત, 66 બાળકોનું સ્વાગત થયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આજથી આગામી તા.૨૫ જૂન સુધી ૨૪મા શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિને વડોદરાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કિશોરભાઈ મોરીના અધ્યક્ષસ્થાને વડોદરા તાલુકાના આસોજ ગામની પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં આંગણવાડીના ૧૧ ભુલકાઓ, બાળવાટિકાના ૨૯ બાળકો અને ધોરણ-૧ના ૨૬ બાળકો મળી કુલ ૬૬ બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરી ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

અધ્યક્ષસ્થાનેથી જનરલ મેનેજર કિશોરભાઈ મોરીએ શિક્ષણનું મહત્વ સમજાવી ગામના કોઈ પણ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે તમામ શિક્ષકો, એસએમસીના સભ્યો, વાલીઓ, તાલુકા પંચાયતના સભ્યોએ તકેદારી રાખવા જણાવ્યું હતું.

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દિપેશભાઈ પંડ્યાએ પ્રાસંગિક પ્રવચન થકી શાળાના વિકાસમાં શિક્ષકો અને દાતાશ્રીઓની કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે શાળામાં સ્કોલરશીપની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ, શાળામાં ૧૦૦ ટકા હાજરી ધરાવતા અને શાળાના અન્ય તેજસ્વી તારલાઓ, શાળાના દાતાશ્રીઓ અને એસએમસીના સભ્યોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા.

આ સાથે કાર્યક્રમ અંતર્ગત શાળાની બાલિકા ધોરણ ૭ની વિદ્યાર્થીની ચૌહાણ જાહન્વી દ્વારા સ્વાસ્થ્ય અને પર્યાવરણ વિષય અંગે વક્તવ્ય રજુ કરાયું હતું. એસએમસીના સભ્યો સાથે બેઠક યોજી શાળાના બાળકોની વૃદ્ધિ અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. વાલીઓએ શાળામાં સાફસફાઈની ગ્રાન્ટ, અન્ય માળખાકીય સુવિધાઓ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા.

## છોટાઉદેપુર જિલ્લા કલેકટર ગાર્ગી જૈનની અધ્યક્ષસ્થાને યોજાયો જિલ્લા સ્વાગત કાર્યક્રમ

**નાગરિકોના** વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ ૩૦ પ્રશ્નો જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોના પડતર પ્રશ્નો અને ફરિયાદોનું પારદર્શક તથા સમયબદ્ધ નિવારણ લાવવાના હેતુથી જિલ્લા સેવા સદનના વિડિયો કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ' કાર્યક્રમ યોજાયો હતો.જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો દ્વારા વ્યક્તિગત અને જાહેર હિતને સ્પર્શતા કુલ ૩૦ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.



જેમાં જમીનના વળતર ચૂકવવા બાબત, લોન માટેની અરજી મંજૂર બાબત, પેવર બ્લોક નાખવા, ગરીબ પરિવારોને પ્રમાણપત્ર આપી સરકારની યોજનાઓ લાભ આપવા, નલ સે જલમાં પાણી બાબત, પીએમ આવાસ યોજના બાબત, પોલીસ દ્વારા દૂરવ્યવહાર કરવા, આરસીસી રોડ બનાવવા બાબત, ડામર રોડ, સ્મશાન, આંગણવાડી બનાવવા બાબત, પીએમ કિસાન યોજનાઓ લાભ આપવા, બિસ્માર રોડ નવો બનાવવા બાબત, સર્વિસ રોડ બનાવવા બાબત, ટેલિકોમ કંપનીની સર્વિસ બાબતના પ્રશ્નો રજૂ થયા હતા. કલેકટર ગાર્ગી જૈને તમામ અરજદારોને રૂબરૂ સાંભળી ઉપસ્થિત વિભાગના અધિકારીઓ પાસેથી પ્રશ્નોની વર્તમાન સ્થિતિ વિગતો મેળવી નાગરિકોમાં પ્રશ્નો પર જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેકટર શૈલેશ ગોકલાણી, પ્રાંત અધિકારી ભૂમિકા રાઓલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.